## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમે વાતે વાતે માઈક લઈને અમને પુછવા દોડી આવો છો... અમે કોને પુછવા જઈએ બોલો....??

# એર રાઈફલ નેશનલ ચેમ્પિયનશીપ માટે કોલવડાના પરાગ પટેલની પસંદગી

## અગાઉ રાષ્ટ્રીય કક્ષાએ ૪થું સ્થાન પ્રાપ્ત કરનાર એનસીસી કેડેટ પરાગ પટેલ સહિત ગુજરાતના એનસીસીના ચાર ખેલાડીઓ પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના કોલવડા ગામના યુવા એનસીસી કેડેટ પરાગકુમાર શૈલેષભાઈ પટેલની નવી દિલ્હી ખાતે ડિસેમ્બરમાં યોજાનાર આગામી પીપસાઈટ એર રાઈફલ નેશનલ ચેમ્પિયનશીપ માટે પસંદગી કરાઈ છે. સમગ્ર ગુજરાતમાંથી માત્ર ૪ યુવાનો આ સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. જેમાં પરાગ પટેલનો સમાવેશ થતા સમગ્ર કોલવડા પંથકમાં આનંદનું મોજુ ફરી વળ્યું છે.



સે. ૧૫ની સરકારી કોલેજમાં અભ્યાસ કરતા પરાગ પટેલે વર્ષ ૨૦૧૩માં એનસીસીમાં પ્રવેશ મેળવ્યો હતો. અને તેમાં હાલ તે જુનિયર અન્ડર ઓફિસરની ફરજ બજાવી રહ્યો છે. અગાઉ વડોદરા અને પશ્ચિમ બંગાળ ખાતે યોજાયેલ જી.વી. માવલંકરના આખા ભારતમાં તેણે ૪થુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આગામી ડિસેમ્બર માસની તા. ૧લીથી ૧૫મી તારીખ દરમ્યાન ૨૫મી ઓલ ઈન્ડિયા એર રાયફલ નેશનલ ચેમ્પિયનશીપ યોજાશે. જેમાં ગુજરાત એનસીસીના ૪ ખેલાડીઓમાં પસંદગી પામીને પરાગે ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.



**સાયકલનો ભંગાર** - ગાંધીનગર એસ.ટી. ડેપોના પાર્કીંગમાં છેલ્લા ઘણા સમયથી સાઈકલોનો ભંગાર પડી રહ્યો છે... આ ભંગારનું કોઈ રણીધણી હોય એમ લાગતું નથી... આ ભંગાર ક્યાંથી આવ્યો અને કેવી રીતે આવ્યો એ પણ એક ચર્ચાનો વિષય બની રહ્યો છે... અંતે તો તંત્ર દ્વારા આ ભંગારના નિકાલ માટેની વ્યવસ્થા કરવી જોઈએ એવી લોકલાગણી પ્રવર્તી રહી છે... જોઈએ શું થાય છે આ ભંગારનું... (તસવીર : કશ્યપ નિમાવત)

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન માટે મતદારોને રજા આપવા જોગ

## ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારના કર્મચારીઓ, કારીગરોને વારાફરથી ત્રણ કલાકની ખાસ રજા આપવા સૂચના

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયત, કલોલ દહેગામ અને માણસા તાલુકા પંચાયત અને કલોલ દહેગામ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓનું મતદાન તા. ૨૯મી નવેમ્બર,૨૦૧૫ના રાજે સવારના ૮.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન થનાર છે.

મતદાનને ધ્યાને રાખી ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી રવિશંકરે એક જાહેરનામું બહાર પાડીને ગ્રામિણ બેકોં, રાષ્ટ્રીય અને ખાનગી બેંકો, સહકારી બેંકો, રેલ્વે, ટેલીકોમ અને પોસ્ટ ઓફિસો, હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ, વાણિજય સંસ્થાઓ, હોટલો, ઔધોગિક એકમો, કારખાનાઓ, ફેકટરીઓ અને આવશ્યક સેવા આપતી અન્ય સંસ્થાઓના કચેરીઓના કર્મચારીઓ/કામદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫, રવિવારના રોજ ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારના વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી કામદારોને મતદાન માટે વારા-ફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ/કચેરીઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસ એટલે કે તા. ૨૯મી નવેમ્બર,૨૦૧૫ના રોજ રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવા સંબંધિત તમામ સંસ્થા/કચેરીઓના વડા/સંચાલકશ્રીઓને જણાવ્યું છે.

મતદાન થવાનું છે તે વિસ્તારમાં રહેતા અને ખરેખર મતદાન હોય, પરંતુ બહારના વિસ્તારમાં નોકરી/ફરજ બજાવતા હોય, તેઓને પણ મતદાન કરવા ઉપર મુજબના જાહેરનામામાં જણાવેલ બાબતનો અમલ કરવાનો રહેશે.




(તસવીર : કશ્યપ નિમાવત)

**સ્નેહમિલન - સન્માન સમારોહ** - અખિલ ગુજરાત ચારણ-ગઢવી સમાજ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ અને તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્ટાફ ટ્રેનીંક કૉલેજ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ અને પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


# એક સમયે જવલ્લે જોવા મળતો 'ચિલોત્રો' ગાંધીનગરનો મહેમાન બન્યો

## ઈન્ડિયન ગ્રે હોર્નબિલ તરીકે ઓળખાતું આ પંખી સાબરકાંઠા-મહેસાણામાં વધુ જોવા મળતુ હતું : ઘેઘુર વનરાજીથી આકર્ષાઈ ચિલોત્રાએ ગાંધીનગરને ઘર બનાવ્યું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની હરિયાળી અને વનરાજીનું આમ તો દિવસે ને દિવસે નિકંદન નીકળી રહ્યું છે. આમ છતાં અન્ય પડોશી જિલ્લાના પ્રમાણમાં હજુ પણ ગાંધીનગરની લીલોતરી આકર્ષક હોવાથી અનેક યાયાવર પક્ષીઓ માટે પસંદગીનું સ્થળ બનતું જાય છે. એક સમયે જિલ્લામાં જવલ્લે જોવા મળતો 'ચિલોત્રો' હવે ગાંધીનગરને પોતાનું નિવાસસ્થાન તરીકે પસંદ કરી રહ્યો છે જેના કારણે પક્ષી પ્રેમીઓ રાજીના રેડ થઈ જવા પામ્યાં છે.

પક્ષી પ્રેમીઓમાં ઈન્ડિયન ગ્રે હોર્નબિલ અને સામાન્ય જનજીવનમાં 'ચિલોત્રો' નામથી પ્રસિધ્ધ આ પક્ષી અત્યાર સુધી સાબરકાંઠા-મહેસાણા વગેરે જિલ્લામાં મોટા પ્રમાણમાં જોવા મળતું હતુ પરંતુ ગાંધીનગરમાં તેની હાજરી નહિવત પ્રમાણમાં હતી.જો કે છેલ્લા કેટલાક સમયથી કોઈ અગમ્ય



કારણોસર આ પક્ષીએ ગાંધીનગર જિલ્લાને પોતાના નિવાસસ્થાન તરીકે પસંદ કરતા હવે શહેર સહિત જિલ્લામાં તેની હાજરી ઉડીને આંખે વળગે તેટલી જોવા મળી રહી છે. આ પક્ષી ઝાડમાં બખોલ કરી માત્ર ચાંચ બહાર રહે તે રીતે તેને માટીથી પુરી ઘર બનાવે છે. માદા પંખી જયારે આ ઘરમાં ઈંડા મુકે છે ત્યારે તેમાંથી બચ્ચાં બહાર આવી ઉડતા ન થાય ત્યાં સુધી ઘરમાંથી બહાર નિકળતી નથી. આ સમયે નર બચ્ચા તથા માદા માટે ખોરાકની વ્યવસ્થા કરે છે અને નર પોતે બચ્ચાઓને જાતે ખોરાક ખવડાવે છે. ગાંધીનગરના સે-૧૯, ૨૦, ૨૧, સચિવાલયની આસપાસ, ઈન્દ્રોડા પાર્ક નજીક, સે-૨૪, ૨૭ તથા રાંધેજા તરફના રેલવે ક્રોસિંગની આસપાસના વિસ્તારમાં આ પક્ષીની હાજરી વધુ પ્રમાણમાં જોવા મળી રહી છે. ગાંધીનગરના યુવા પર્યાવરણ પ્રેમી તિર્થરાજસિંહ જાડેજાએ 'ચિલોત્રો' ને કેમેરામાં કંડારી તેના 'લોકલ માઈગ્રેશન' અંગે માહિતી આપતા આનંદ વ્યકત કર્યો હતો.






શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે ''હે માનવ ! પ્રથમ તુ તારા જીવનમાં ધર્મની રક્ષા કર, સમય આવે ધર્મ જ તારી રક્ષા કરશે'' આવા તો અનેક જીવનલક્ષી અદ્‌ભૂત ઉપદેશો આ મહાગ્રંથમાં સંઘરાયેલા પડ્યાં છે. જે વખતોવખત મનુષ્યને જીવનના કઠિન માર્ગે આવતી અંધકારની અડચણોમાં જ્ઞાનરૂપી પ્રકાશ પાડી પથદર્શન કરતા રહે છે. ગાંધીનગરના સે. ૨ ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં પ્રજ્ઞાચક્ષુ કથાકાર શાસ્ત્રીજી કૃણાલભાઈ જોષી ભાવિકોને ગીતાજ્ઞાનનું રસપાન કરાવી રહ્યાં છે. શ્રોતાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ જ્ઞાન-સપ્તાહની વહેતી સરવાણીમાં રસતરબોળ થઈ રહ્યાં છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# 'સહકાર ભારતી' વધુ ક્ષેત્રોમાં સહકારી ચળવળ આગળ ધપાવવાની આગેવાની લેશે

અમદાવાદ, તા.૨૨

સહકારી ક્ષેત્રના સૌથી મોટા સ્વૈચ્છિક સંગઠન સહકાર ભારતીના ઉપક્રમે ૩ દિવસના રાષ્ટ્રિય અધીવેશનનો અમદાવાદમાં પ્રારંભ થયો છે. આ અધિવેશનનો ઉદ્દેશ સહકારી ચળવળના લાભ અંગે જાણકારી આપવાનો અને આ ચળવળને વધુ સુસંગત બનાવવાનો છે. હાલમાં જે ક્ષેત્રોમાં વિકાસની શક્યાતાઓ છે તેવા બેંકીંગ અને ખેતી ઉપરાંતનાં અન્ય ક્ષેત્રોમાં સહકારી ચળવળમાં સુધારાની પ્રક્રિયા આગળ ધપાવવાનો અધિવેશનનો ઉદ્દેશ છે.

ગુજરાત સરકારના માર્ગ અને મકાન તથા આરોગ્ય વિભાગના પ્રધાન શ્રી નિતીન પટેલ આ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. તેમણે દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આવેલા સહકારી ક્ષેત્રના આગેવાનોને આવકાર્યા હતા અને ગુજરાત રાજ્યમાં સહકાર ભારતીનું પાંચમું અધિવેશન યોજાઈ રહ્યું છે તે બાબતે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

તા. ૨૦મી નવેમ્બર, ૨૦૧૫થી પિરાણા ખાતે પાંચમા નેશનલ અધિવેશનનો પ્રારંભ થયો છે. દેશના અંદાજે રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૪૦૦ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરતા આશરે ૨,૦૦૦ ડેલીગેટસ આ અધિવેશનમાં હાજરી આપી રહ્યા છે. સહકારી પ્રવૃત્તિનાં



તમામ ક્ષેત્રોના લોકો આ અધિવેશનમાં હાજરી આપી રહ્યા છે. આ અધિવેશનની પેઈડ કોન્ફરન્સ માત્ર તેહસીલ અને નેશનલ લેવલના કાર્યકર્તાએઓ પૂરતી સિમીત રખાઈ છે. સહકારી ક્ષેત્રને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ સાથે જોડવાનો ઈરાદો ધરાવતા સૂચિત વિધેયક સહિત આ અધિવેશનમાં સહકારી પ્રવૃત્તિને નડતરરૂપ મુદ્દાઓ અંગે ઠરાવ કરવાનું સહકાર ભારતીનું આયોજન છે. સહકાર ભારતી હાલમાં ૨૭ રાજ્યોના ૪૧૧ જીલ્લામાં કામગીરી ધરાવે છે.

સહકાર ભારતીના નેશનલ વાઈસ પ્રેસીડેન્ટ શ્રી જયોતિન્દ્ર મહેતાએ આ અધિવેશન અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે ''આ ૩ દિવસના અધિવેશન દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા સહકારી ચળવળનું ખાનગીકરણ કરવા અંગેના પ્રયાસ અંગે ચર્ચા થશે અને આ મુદ્દે દેશભરમાંથી જાહેર અભિપ્રાય મેળવવામાં આવશે. અમે દેશના યુવાનોને આ ચળવળમાં જોડવા માગીએ છીએ. અમે માનીએ છીએ કે આ કામગીરી પડકાર જનક છે છતાં અમને તે દિશામાં આગળ વધીશું.''

# ૬૭મા એનસીસી દિવસની ઉજવણી

## એન.સી.સી. કેડેટે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા

ગાંધીનગર, તા.૨૨

અમદાવાદના લૉ ગાર્ડન સ્થિત એનસીસી કોમ્પ્લેક્ષ ખાતે આજે ૬૭માં રાષ્ટ્રીય એનસીસી દિવસની ઉજવણી મેજર જનરલ સંજીવ શુકલાના અધ્યક્ષપદે કરવામાં આવી હતી. જેમાં એનસીસી કેડેટની ટુકડીઓએ પરેડ કરી રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા.

૬૭માં રાષ્ટ્રીય એનસીસી દિવસની ઉજવણી એનસીસી કોમ્પ્લેક્ષ લૉ ગાર્ડન ખાતે યોજાઈ હતી. આ કાર્યક્રમના પ્રારંભે મેજર જનરલ સંજીવ શુકલાએ ધ્વજવંદન કરી પરેડની સલામી ઝીલી હતી. બાદમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા અને વલ્લભવિદ્યાનગરના કેડેટે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગરબા તેમજ બેટી બચાવો થીમ પર સુંદર ગ્રુપ ડાન્સ રજૂ કર્યો હતો. કાર્યક્રમના અંતે એનસીસીમાં સેવા આપનાર કેડેટ, કર્મચારીઓ, ઓફિસર વગેરેને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નેશનલ ડેની ઉજવણીમાં મોટા પ્રમાણમાં એનસીસી કેડેટે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વર્તમાન સમયમાં યુવતીઓએ સેનાના સન્માનિય ક્ષેત્રે આગળ આવવું જોઈએ. જેમાં ઉજ્જવળ ભવિષ્નું નિર્માણ થાય છે.
- લીનીમા પુરોહિત, અંડર જુનિયર ઓફિસર, સાબર ઈન્સ્ટીટયુટ, સાબરકાંઠા



યુવાનોએ અભ્યાસની સાથે રાષ્ટ્રીય સેવામાં જોડાવવું જોઈએ જેથી સેવાના ગુણ અને સારા માનવના ગુણ આપોઆપ ખીલે છે.
- શ્રેણિક બારોટ, અંડર જુનિયર ઓફિસર, એસ.એમ. પટેલ કોમર્સ કોલેજ, લૉ ગાર્ડન



# દિવાળી પર્વોમાં પારિવારિક પ્રવાસની પરંપરા જાળવતો જાટકીયા પરિવાર

## જાટકીયા પરિવારના પાંચ ભાઈઓનું વિશાળ કુટુંબ દિવાળીના તહેવારોમાં અચૂક સાથે જ ફરવા જાય છે : કાશ્મીર પ્રવાસ સૌથી યાદગાર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના જાણીતા જાટકીયા બ્રધર્સ (અરહિંતગ્રુપ) અને તેમનો પરિવાર ભલે આખુ વર્ષ અલગ અલગ ધંધા-રોજગારમાં વ્યસ્ત રહેતો હોય પરંતુ પાંચ ભાઈઓનો પરિવાર દિવાળી અચુક સાથે ઉજવે છે અને આખો પરિવાર સાથે જ પાંચ-છ દિવસના પ્રવાસમાં ઉપડી જાય છે. પાંચ ભાઈઓના આ પરિવારે છેલ્લા આઠ વર્ષથી આ પરંપરાને નિભાવી છે.



આજના સમયમાં જ્યારે પરિવાર ભાવના સતત ઓછી થતી જાય છે ત્યારે ગાંધીનગરના જાટકીયા પરિવારે સાથે તહેવારો ઉજવવાની અને હરવા ફરવા જવાની પરંપરાને નીભાવી પરિવારો વચ્ચેના પ્રેમ અને બંધનને જાળવી રાખ્યો છે. અરિહંત ગ્રુપના જયસુખભાઈ, ગીરીશભાઈ, અનંતભાઈ, હસમુખભાઈ અને હરકાન્તભાઈ જાટકીયાનો પરિવાર જુદા જુદા ધંધા-રોજગાર સાથે જોડાયેલો છે અને શહેરના જુદા જુદા વિસ્તારોમાં રહે છે પરંતુ પાંચ ભાઈઓનો આ પરિવાર વચ્ચે અજબ બોન્ડીંગ છે. તેઓ હોળી-ધુળેટી તથા દિવાળી જેવા તહેવારો નિમિત્તે અચુક ભેગા થાય છે અને સાથે હરવા ફરવા જવાનો પ્રોગ્રામ ગોઠવી નાંખે છે. દિવાળીથી લાભપાંચમ-સાતમ સુધી જ્યારે ધંધા-રોજગાર બંધ હોય ત્યારે ત્રીસથી પાંત્રીસ જણાનો આ પરિવાર હરવાફરવા ઉપડી જાય છે. છેલ્લા આઠ વર્ષથી જાટકીયા પરિવારે આ ક્રમ જાળવી રાખ્યો છે. વડીલોથી લઈને ઘરના તમામ નાના બાળકો આ પરિવારિક પ્રવાસમાં જોડાતા આ પ્રવાસ એક જલ્સો બની જાય છે. સતત પાંચ-સાત દિવસ બધાએ સાથે રહેવાનુ હોવાથી પારિવારિક ભાવના વધુને વધુ મજબુત બને છે. અત્યાર સુધી તેઓ કાશ્મીર, ઉદેપુર, સાસણગીર, ધારી, ઈન્દોર, ઓમકારેશ્વર, કચ્છ-ભુજ સહિતના વિવિધ સ્થળોનો પ્રવાસ કરી ચુક્યુ છે. મોટાભાગે તેઓ નાની લકઝરી બસમાં જ પ્રવાસ કરવાનું પસંદ કરે છે. જેથી પરિવારના બધા જ સભ્યો સાથે રહી શકે. કાશ્મીરનો પ્રવાસ તેઓએ બાય એર કર્યો હતો જે સૌથી યાદગાર રહ્યો હતો. આ વર્ષે તેઓ ઉદેપુર ફરવા ગયા હતા. પરિવાર ભાવનાને મજબુત કરવા માટે સાથે પ્રવાસ કરવા જવાનો જાટકીયા પરિવારનો આ પ્રયોગ હવે તેઓ માટે જાણે પરંપરા બની ગયો છે.



રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા સેકટર-૨૪ની આંગણવાડીના તમામ ૧૬૨ બાળકોના વાલીઓને મચ્છરદાનીઓ અર્પણ કરવામાં આવી હતી. આ સેવાકાર્યમાં કલબ ટ્રેઈનર અમીબેન શાહ, પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ રાણા, પ્રોગ્રામ ચેરમેન યુવરાજસિંહ વાઘેલા, જયશ્રીબેન ખેતિયા, સંસ્થાના સંચાલિકા કલ્પનાબેન પરમાર, રોટરીના સભ્યો તેમજ સમગ્ર સ્ટાફગણ ઉપસ્થિત રહ્યો હતો.